# પ્રાંતિજ બેઠક પર હવે નવ ઉમેદવારો મેદાનમાં

## ભાજપ-કોંગ્રેસ અન્ય પક્ષો સહિત અપક્ષો મેદાનમાં : ભાજપ-કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવશે

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ પ્રાંતિજ-તલોદ ૩૩ વિધાનસભાની ઉમેદવારી ફોર્મપરત ખેંચવાની છેલ્લી તારીખ હોય જેમાં ૧૧ ઉમેદવારોમાંથી ૨ ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચતા હાલ ૯ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે તો આ વખતે પણ ભાજપ-કોંગ્રેસ બન્ને પક્ષો વચ્ચે સીધો જગ ખેલાશે.

પ્રાંતિજ-તલોદ ૩૩ વિધાનસભાને લઈને પ્રાંતિજ ખાતે પણ ભાજપ-કોંગ્રેસ અન્ય પક્ષો સહિત અપક્ષો થઈ કુલ ૨૪ ફોર્મ ભરાયાં હતાં. જેમાં ૧૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ૧૬ ઉમેદવારો પૈકી ચકાસણી દરમ્યાન ૫ ઉમેદવારો ફોર્મ રદ તથા ડમી હોવાથી બહાર થઈ જતાં ૧૧ ઉમેદવારો મેદાનમાં હતાં. ફોર્મ પરત ખેંચવામાં આવતાં



હાલ ભાજપ-કોંગ્રેસ અન્ય પક્ષો સહિત અપક્ષો મેદાનમાં હતાં જેમાં ફોર્મપરત ખેંચવાની છેલ્લી તારીખને લઈને ૨ ફોર્મ પરત ખેંચાતાં હાલ ગજેન્દ્રસિંહ પરમાર-ભાજપ મહેન્દ્રસિંહ બારૈયા-કોંગ્રેસ, જોષી પ્રકાશકુમાર પ્રવિણચંદ્ર-અપક્ષ, માસુ રસિકભાઈ પટેલ-અપક્ષ, વણકર હરમેશકુમાર નટવરભાઈ-બહુજન સમાજ પાર્ટી, ઝાલા દલપતસિંહ મોતીસિંહ-અપક્ષ, રાઠોડ જયદિપસિંહ જગતસિંહ-ઈન્સાનિયત પાર્ટી, પટેલ કલ્પેશકુમાર રણછોડભાઈ-ઓલ હિન્દુસ્તાન કોંગ્રેસ પક્ષ, ઝાલા રાજેન્દ્રસિંહ કાળુસિંહ-નેશનલ કોંગ્રેસ ઉમેદવારો મેદાનમાં છે. આ વખતે પણ ભાજપ- કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે જેમાં ભાજપ દ્વારા યુવા ગજેન્દ્રસિંહને અને કોંગ્રેસ દ્વારા ચાલુ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને પાંચ વર્ષના કામો અને તેમના લોકસંપર્કને લઈને ફરી રીપીટ કરવામાં આવ્યાં છે ત્યારે આવનાર સમયમાં જ ખબર પડશે કે કોણ બાજી મારી જાય છે અને મતદારોને રીજવશે. આ વખત ભાજપ સીટ હાંસલ કરવા અને કોંગ્રેસ સીટ જાળવી રાખવાં માટે એડી ચોટીનુ જોર લગાવી દેશે તેમ કહીએ તો નવાઈ નહી.



**સપ્રેડા અને ભાખરી ગામે શંકરભાઈનો લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો**

વાવ વિધાનસભા બેઠક ઉપર ભાજપ તરફે ચૂંટણી લડી રહેલા રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ સમગ્ર મત વિસ્તારમાં લોકસંપર્ક શરૂ કરી દીધો છે ત્યારે ગામે ગામ તેમને ઉમળકાભેર આવકાર મળી રહ્યો છે. ગતરોજ વાવ તાલુકાના સપ્રેડા અને ભાખરી ગામે તેમનો લોકસંપર્ક કાર્યક્રમ યોજાતાં બંને ગામોના આગેવાનો, કાર્યકરો અને યુવાનોએ જંગી મતોથી તેમને વિજયી બનાવવા ખાતરી આપી હતી.

# સાબરકાંઠાની ચાર બેઠકો માટે ૩૭ ઉમેદવારો મેદાનમાં

વિધાનસભાની સાબરકાંઠા જિલ્લાની ચાર બેઠકો માટે ભરાયેલા ૪૯ ઉમેદવારી પત્રો બાદ પરત ખેંચવાની તા. ૩૦ નવેમ્બરના રોજ બપોરે ૩ વાગ્યે મુદત પૂર્ણ થયા બાદ હવે ૩૭ ઉમેદવારો ચૂંટણીના જંગમાં ઉભા છે. જો કે ૧૨ ઉમેદવારોએ ગમે તે કારણસર સમય મર્યાદામાં પોતાના ફોર્મ પરત ખેંચ્યા છે ત્યારે હવે સાબરકાંઠાની ચારેય બેઠકના ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થઈ ચુક્યુ છે. જેથી હવે ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર ઉમેદવારોને તેમના ચૂંટણી ચિન્હ ફાળવવાની પ્રક્રિયા હાથ ધરાશે.

સાબરકાંઠા વિધાનસભાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ બેઠકના આખરી ઉમેદવારોનું ચિત્ર ગુરૂવારે ઉમેદવારી પત્રો પરત ખેંચાયા બાદ સ્પષ્ટ થઈ ચુક્યુ છે. ત્યારે હિંમતનગર વિધાનસભા બેઠકમાં ભરાયેલા ઉમેદવારી પત્રો પૈકી બુધવારે અને ગુરૂવારે મળી ચાર ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પરત ખેંચી લીધા છે જેના કારણે આ બેઠક પર હવે ૧૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ ખેલાશે. ઈન્ડર બેઠકની વાત કરીએ તો ત્રણ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લેતા ભાજપ કોંગ્રેસ સહિત અન્ય ઉમેદવારો મળી ૧૦ ઉમેદવારોએ આખરી જંગમાં જંપલાવીને જાણે કે રાજકીય ક્ષેત્રે પા પા પગલી પાડવા માટે નસીબ અજમાવ્યુ હોય તેમ તેઓ માને છે. ઉમેદવારો પોતાની તાકાત અને આવડત બતાવવા માટે ચૂંટણી જંગમાં આવ્યા છે ત્યારે એટલુ તો ચોક્કસ છે કે માન્ય રાજકીય પક્ષના ઉમેદવારો તેમની ઓકાતને ઓછી આંકતા નથી.

ખેડબ્રહ્મા બેઠકમાં ઉમેદવારી પત્રો પરત ખેંચવાના અંતીમ સમય સુધી ઉમેદવારી પત્ર પરત ખેંચ્યુ નથી. જેના કારણે આ બેઠક પર સાત ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. છેલ્લે પ્રાંતિજ બેઠકની વાત કરીએ તો બેઠક પર બે ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચી છે ૯ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. યાદ રહે કે પાટીદાર અનામત આંદોલનને લઈને ચારેય બેઠકો પૈકી ભાજપ અને કોંગ્રેસે પાટીદારોને પોતાની તરફે કરવા માટે એક પણ તક છોડી નથી ત્યારે બન્ને પક્ષના ઉમેદવારોને પાટીદાર ફેક્ટર શુ કરશે તેની ચિંતા કોરી ખાય છે.



**ડીસામાં ભાજપના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદઘાટન**

બનાસકાંઠાની તમામ નવ બેઠકોનું ચૂંટણી ચિત્ર આજે સ્પષ્ટ થઈ ગયું છે અને દરેક ઉમેદવારોને ચૂંટણી ચિન્હોની ફાળવણી પણ કરી દેવાતા હવે ધીમી ગતિએ પ્રચાર ઝુંબેશ પણ વેગ પકડી રહી છે. આ ચૂંટણી જંગ લડી રહેલા ઉમેદવારોના ચૂંટણી કાર્યાલયો પણ ધમધમવા માંડયા છે. ત્યારે ડીસા બેઠકના ભાજપના ઉમેદવાર શશિકાન્તભાઈ પંડ્યાના ચૂંટણી કાર્યાલયને પણ આજે વિધિવત રીતે ખુલ્લું મુકાયું હતું.

# માલપુરમાં ઝાડ સાથે ગળે ફાંસો ખાધેલ હાલતમાં યુવકનો મૃતદેહ મળ્યો

અરવલ્લી, તા. ૩૦

જિલ્લાના માલપુર ગામે આવેલા રક્ષેશ્વર મહાદેવના મંદિર જવાના માર્ગ આવેલા જંગલના ઝાડ પર ૩૫ થી ૪૦ વર્ષના અજાણ્યા યુવકે ગળે રસ્સી વડે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દેતા ઝાડ પર યુવાનની લાશ લટકતી હોવાની જાણ ગામ લોકોને થતા લોકોના ટોળે ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. આ અંગે માલપુર પોલીસ સ્ટેશને જાણ કરતા ઘટનાસ્થળે ધસી આવી મૃતક યુવાનની લાશને ઝાડ પરથી ઉતારી પીએમ માટે મોકલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર પોલીસ સ્ટેશનના સૂત્રોના જણાવ્યા અનુસાર માલપુર ગામ નજીક આવેલા રક્ષેશ્વર મહાદેવ મંદિર જવાના માર્ગ પર રહેલા ડુંગરો નજીક આવેલા જંગલમાં ઝાડ પર એક લાશ લટકતી હોવાની જાણ ઉભરાણ ગામના સંજયભાઈ જશુ ભાઈ પટેલે જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી જઈ આશરે ૩૫ થી ૪૦ વર્ષના વાદળી રંગનું શર્ટ પહેરેલા અજાણ્યા યુવકની લાશ મળી આવતા ઝાડ પરથી મૃતદેહ ઉતારી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મૃતક યુવકના પરિવારજનોની શોધખોળ હાથ ધરી હતી.

રક્ષેશ્વર મહાદેવ માર્ગ પર જંગલમાં ઝાડ પર લાશ લટકતી હોવાના સમાચાર વાયુવેગે સમગ્ર પંથકમાં પ્રસરતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને આત્મહત્યા કરનાર યુવક કોણ હશે કેમ આત્મહત્યા કરી હશે કે પછી કોઈએ એ ખૂની ઘટનાને અંજામ આપી યુવકની લાશને ઝાડ પર લટકાવી દીધી તો નહિ હોય ને તેવી ચર્ચાએ જોર પકડ્યું હતું.

# અરવલ્લી જિલ્લા સહીત મોડાસામાં ટામેટાના ભાવમાં ભડકો : ગૃહીણીઓનું બજેટ ખોરવાયું

અરવલ્લી, તા. ૩૦

ટામેટાના ભાવમાં સતત ભડકો જોવા મળી રહ્યો છે. મહિના પહેલા કિલો દીઠ ટામેટાનો ભાવ ૬૦થી ૭૦ રૂપિયે પહોંચ્યો હતો ત્યારબાદ સહેજ ટામેટાના ભાવમાં ઘટાડો થતા ૪૦ રૂપિયે કિલો સુધી ભાવ ઉતરી જતા ગૃહિણીઓએ હાશકારો અનુભવ્યો હતો. પરંતુ ત્રણ ચાર દિવસથી ફરીથી ટામેટાના ભાવ લાલઘૂમ થઈ જતા ૬૦ રૂપિયે પ્રતિ કિલોથી વધુના ભાવે વેચાઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરની ગૃહિણીઓને ટામેટાની સતત વધતી જતી કિંમત રડાવી રહી છે. મોડાસા શહેરના શાકભાજી બજાર અને ફેરિયાઓની લારીઓમાંથી જાણે ટામેટા ગાયબ હોય તેવો ઘાટ સર્જાયો છે.



અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરના શાકભાજી બજારમાં ટામેટા ૬૦ રૂપિયે પ્રતિકિલો અને સોસાયટીમાં શાકભાજી વેંચતા ફેરિયાઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ટામેટા ૭૦ થી ૮૦ રૂપિયે પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે ટામેટા મોંઘા બનતા ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે. સામાન્ય રીતે શિયાળની સીઝનમાં ટામેટા ૧૦થી ૨૦ રૂપિયે કિલો મળી રહેતા હોય છે પરંતુ અત્યારે ટામેટાનો ભાવ સતત વધતા ગૃહિણીઓ ટામેટાનો ઉપયોગ રસોઈમાં ના છૂટકે કરી રહી છે. ટામેટાના બદલે દાળ શાકમાં લીંબુ અને કોકમનો ઉપયોગ કરી સ્વાદ મેળવવા મજબુર બની છે. હાલના સંજોગોમાં લીલા શાકભાજીના ભાવોમાં પણ વધારો થતા ગૃહિણીઓની મૂંઝવણ વધી ગઈ છે.

# પ્રાંતિજ પોલીસે નેશનલ હાઈવે આઠ પરથી વિદેશી દારૂ ભરેલ ટ્રક પકડી

સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ હોટલ પાસેથી એક ટ્રકમાં



કટ્ટાની આડમાં લઈ જવાતો વિદેશી કંપનીનો દારૂ પ્રાંતિજ પોલીસે બાતમીના આધારે પકડી પાડ્યો હતો તો અને બેની અટકાયત કરવામાં આવી હતી.

દારૂબંધીને કડક અમલીકરણ વચ્ચે પણ વિધાનસભાની ચૂંટણીને આડે હવે થોડાક જ દિવસો બાકી છે ત્યારે ચૂંટણીલક્ષી દારૂ ભરેલ ટ્રક અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કમાલપુર પાસે આવેલ પંચરત્ન હોટલ પાસેથી પ્રાંતિજ પોલીસે બાતમીના આધારે પ્રાંતિજ પી.આઈ ચાવડા દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી અને રાજસ્થાન તરફથી આવતી હરિયાણા પાસિંગ ટ્રક-એચઆર.૫૬-એ.૫૮૫૩માં તપાસ કરતાં ટ્રકની અંદર ઉપરના ભાગે તથા પાછળના ભાગે મકાઈના કટ્ટાની થેલીઓની અંદર લાકડાંનો વેર ભરી કટ્ટા બનાવવામાં આવ્યાં હતાં અને તેની આડમાં વિદેશી દારૂ રોયલ જનરલ બ્રાન્ડ ૮૦૦ પેટી જેની કિંમત- ૨૮,૫૪,૮૦૦ તથા ટ્રક ની કિંમત- ૧૦,૦૦૦૦૦ મળી કુલ- ૩૮૫૪૮૭૦નો મુદ્દામાલ સાથે પ્રાંતિજ પોલીસે ચાલક નરેન્દ્રસિંહ કરણસિંહ હરિજન તથા કંડક્ટર સમુન્દ્રસિંહ અવાસિંહ હરિજન બન્ને રહે હરિયાણાની પ્રાંતિજ પોલીસે મુદ્દામાલ સાથે અટકાયત કરી હતી તો પ્રાથમિક તપાસમાં વિદેશીદારૂ ચૂંટણીલક્ષી ઉપયોગ લેવાનો હોય તેવું એક જ વકલ ઉપરથી અનુમાન લગાવવામાં આવ્યો છે. પ્રાંતિજ પી.આઈ વી.આર.ચાવડા દ્વારા બેટીમ બનાવામાં આવી હતી જેમાં પી.એસાઈ એમ.બી.ગજજર તથા પી.એસાઈ જે.એમ.પરમાર તથા પો.કોન્સ્ટેબલ દિપકસિંહ, વિક્રમસિંહ તથા દલુસિંહ ટીમ દ્વારા ટ્રક પકડી પાડવામાં આવી હતી. પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



# હિંમતનગર સહકારી જીન રોડ પરથી મહિલાનો દોરો લૂંટાયો

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગરના સહકારી જીન રોડ પરથી સોમવારે પસાર થઈ રહેલી એક મહિલાના ગળામાંથી અજાણ્યા બાઈક પર આવેલા શખ્સોએ રૂ. ૪૦ હજારની કિંમતના દોરાની લૂંટ કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ બુધવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

હડિયોલ ગામના લલીતાબેન ભોગીલાલ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેણી ગત તા. ૨૭ નવેમ્બરના રોજ સહકારી જીન રોડ પર આવેલ ક્રિશ્ના સ્વીટ્સ માર્ટ પાસે ઉભા હતા ત્યારે નંબર વગરના બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો પૈકી એક શખ્સે લલીતાબેને ગળામાં પહેરેલ અંદાજે દોઢ તોલાનો રૂ. ૪૦ હજારની કિંમતનો દોરો લૂંટીને ભાગી ગયા હતા. જોકે લલીતાબેને બુમાબુમ કરવા છતાં બાઈક સવાર ભાગવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ લલીતાબેને અજાણ્યા બાઈક સવારો વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## આતંકવાદી ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાતમી મળ્યા બાદ આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. પોલીસે કહ્યુ છે કે સેના અને સુરક્ષા દળો પહોંચ્યા ત્યારે પખેરપોરા ચોક ખાતે ટોળાએ સુરક્ષા દળો પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. અધિકારીએ કહ્યુ હતુ કે છુપાયેલા ત્રાસવાદીઓએ એકાએક ગોળીબાર શરૂ કર્યો હતો. જેના જવાબમાં કાર્યવાહી કરવામાં આવતા ત્રાસવાદીઓ ફુંકાયા હતા. અથડામણમાં એક યુવાનને ઈજા તઈ હોવાના હેવાલ મળ્યા છે.

## પુનઃ જેલમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે સાથે ચિંતા વ્યક્ત કરી હતી. તેના ગુના બદલ તેની ફરી ધરપકડ કરવા માટે તંત્ર દ્વારા અપીલ પણકરવામાં આવી હતી. માત્ર ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા જ નહી બલ્કે ભારત સહિતના કેટલાક દેશો તેમજ અનેક થિન્ક ટેન્ક તેમજ પોલીસી નિષ્ણાંતો દ્વારા પણ પાકિસ્તાન પર દબાણ વધારી દેવામાં આવ્યુ હતુ.પાકિસ્તાન પર જોરદાર દબાણ વધારી દેવામાં આવ્યા બાદ પાકિસ્તાનને ઝુંકવાની ફરજ પડી છે. લશ્કરે તોયબાના લીડર હાફિઝ સઈદને પાકિસ્તાનમાં નજરકેદમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. તોયબાને વૈશ્વિક ત્રાસવાદી સંગઠન તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ તેના પર પણ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં અમેરિકી નાગરિકો સહિત ત્રાસવાદી હુમલામાં નિર્દોષ નાગરિકોના મોત બાદ તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

## શેરબજાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષના ગાળા દરમિયાન સુધારો કર્યો હતો. એસ એન્ડ પી સંસ્થાએ પણ ભારતની રેટિંગને સ્થિર રાખીને સ્થિરઆઉટલુંકનુ ચિત્ર રજૂ કર્યું હતું. જીડીપીના આંકડાને લઈને પણ આશા દેખાઈ રહી છે. જૂન ૨૦૧૭માં જીડીપી ગ્રોથરેટ ઘટીને ૭.૫ ટકા થયો હતો. જીએસટીને લઈને સ્પષ્ટતા અને સારા મોનસુનની સ્થિતિના લીધે જીડીપી ગ્રોથરેટમાં સુધારો થશે.

## ગુજરાત આવશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રસાર કાર્ય હાલ ચરમસીમા ઉપર પહોંચ્યુ છે.ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ માસમાં ૨૭ અને ૨૯ નવેમ્બર એમ બે દિવસ રાજયના વિવિધ મત વિસ્તારોમાં પ્રચાર પ્રવાસ પુરો કરી ગયા બાદ ફરી એક વખત ૩ અને ૪ ડિસેમ્બરના રોજ રાજયમાં ચૂંટણી પ્રચાર માટે આવી રહ્યા છે.મળતી માહિતી અનુસાર,પ્રધાનમંત્રી તેમના આ બે દિવસના પ્રવાસમાં કુલ મળીને સાત જાહેરસભાઓને સંબોધિત કરશે.જેમાં ૩ ડિસેમ્બરના રોજ ભરૂચમાં સવારે ૧૦.૩૦ કલાકે,સુરેન્દ્રનગરમાં બપોરે ૧૨.૩૦ કલાકે, અને રાજકોટમાં સાંજે ૭.૩૦ કલાકે જાહેરસભાને સંબોધિત કરશે.આ દરમિયાન અમદાવાદ ખાતે સાંજે પાંચ કલાકે એસજીવીપીમાં શ્રી જોગી સ્વામી હોલીસ્ટીક હોસ્પિટલનુ ઉદઘાટન પણ કરશે.૪ ડિસેમ્બરના રોજ ધરમપુર ખાતે સવારે ૧૦ કલાકે જાહેરસભાને સંબોધિત કરશે.

## ઉમેદવારો વચ્ચે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમેદવારોપણ ચુંટણી મેદાનમાં છે. આ ઉપરાંત ગાંધીનગર દક્ષિણની બેઠક પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર ઉપરાંત લોક વિકાસ મંચ શિવસેના,બહુજન સમાજ પાર્ટી ઉપરાંત ૩ અપક્ષ ઉમેદવાર સહીત ૧૦ ચુંટણી જંગ માટે ફાઈનલ થયા છે. દહેગામ બેઠક પર મોટાભાગના અપક્ષ ઉમેદવારોએ હાથ હેઠા મુકી દીધા છે. જયારે ૬ ફોર્મ પરત ખેંચાયા બાદ બેઠક પર ૬ મુરતિયાઓ વચ્ચે કશ્મકશ ભર્યો જંગ થશે. માણસા બેઠક પર કોંગ્રેસ ભાજપ ઉપરાંત ૮ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે. જયારે કલોલ બેઠક માટે ૪ ઉમેદવારો અપક્ષમાંથી ચુંટણી લડશે. કલોલ બેઠક પર ભાજપ અને કોંગ્રેસ સહીત ૯ ઉમેદવારો મેદાનમાં છે. જિલ્લાની પાંચેય બેઠકો પરથી ૨૧ અપક્ષ ઉમેદવારો ચુંટણી લડશે. જેમાં માણસામાં સૌથી વધુ ૮ અપક્ષ ઉમેદવારો અને દહેગામમાં માત્ર એક અપક્ષ ઉમેદવાર મેદાનમાં છે. ઉત્તરની બેઠક પર ૫ અપક્ષોની ઉમેદવારી આખરી રહી છે.

## સીધો સંવાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભણતર નહીં ગણતરને ધ્યાનમાં રાખવુ પડે . કામગીરી મહત્વની સાબિત થાય છે.ગાંધીનગર દક્ષિણની બેઠક જ નહીં ગુજરાત રાજયનુ પરિણામએ જનતાનો અવાજ હશે જે કોંગ્રેસના સમર્થનમાં હશે દક્ષિણની બેઠક ઉપર પણ જીત થશે.

**આગળ હવે કોંગ્રેસમાં જોડાયેલા રહેશો શુ રોલ અદા કરશો ?**

એક પણ દિવસ કોંગ્રેસનુ કામ બંધ કર્યુ નથી. કોંગ્રેસ પાર્ટ ઓફ લાઈફ છે. નરેન્દ્ર મોદીનો વંટોળ ચાલતો હતો... જુઠાણાંનો વંટોળ ત્યારે પણ અમે કોંગ્રેસ માટે જ કામ કરતા હતા. કોંગ્રેસે ઓળખ આપી છે.

**રાજયમાં કોંગ્રેસને શા માટે બહુમત મળશે ?**

ભારતીય જનતા પાર્ટી તમામ ક્ષેત્રમાં નિષ્ફળ ગઈ છે. જનતાનો અવાજ અને જનતાની લાગણી ભાજપને ઘરભેગી કરી દેશે.દક્ષિણના મત વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ નથી. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પણ વ્યાપારીકરણ થયુ છે. નાગરિકો ત્રસ્ત છે.

## ફ્યુચર સપ્લાય ચેઈન સોલ્યુશનનો આઈપીઓ છઠ્ઠી ડિસેમ્બરે ખુલશે

ફ્યુચર સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિમિટેડ (''કંપની'')એ ૬ ડિસેમ્બર, ૨૦૧૭ને બુધવારે પ્રીમિયમ પર કેશ માટે રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૯,૭૮૪,૫૭૦ ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'')નો આઈપીઓ લાવવાની દરખાસ્ત કરી છે, જે મારફતે ગ્રિફિન પાર્ટનર્સ લિમિટેડ (''ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર'') દ્વારા ૭,૮૨૭,૬૫૬ અને કંપનીનાં પ્રમોટર ફ્યુચર એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ (''પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર'', સંયુક્તપણે ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર, સેલિંગ શેરહોલ્ડર્સ'') દ્વારા ૧,૯૫૬,૯૧૪ ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર (ઓએફએસ) સામેલ છે. ઓફર ૮ ડિસેમ્બર, ૨૦૧૭ને શુક્રવારે બંધ થશે. ઓફર પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલનો ૨૪.૪૩ ટકા હિસ્સો ધરાવશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યૂનો ગાળો બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખનાં એક ચાલુ દિવસ એટલે કે ૫ ડિસેમ્બર, ૨૦૧૭ રહેશે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૬૦થી રૂ. ૬૬૪ નક્કી કરવામાં આવી છે.

બિડ લઘુતમ ૨૨ ઈક્વિટી શેર અને પછી ૨૨ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે.

૨૭ નવેમ્બર, ૨૦૧૭નાં રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ (''આરએચપી'') મારફતે ઓફર થયેલા ઈક્વિટી શેર બીએસઈ લિમિટેડ (''બીએસઈ'') અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (''એનએસઈ'') પર લિસ્ટિંગ થશે.

ઓફરનાં ગ્લોબલ કો-ઓર્ડિનેટર્સ અને બુક રનિંગ લીડ મેનેજર્સ (''જીસીબીઆરએલએમ'') એડલવાઈસ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ, સીએલએસએ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને નોમુરા ફાઈનાન્શિયલ એડવાઈઝરી એન્ડ સીક્યોરિટીઝ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ છે. ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ (''બીઆરએલએમ'') આઈડીએફસી બેંક લિમિટેડ, આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ અને યસ સીક્યોરિટીઝ (ઈન્ડિયા) લિમિટેડ છે.

## શેલ્બી લિમિટેડનો આઈપીઓ ૫ ડિસેમ્બર, ૨૦૧૭ને મંગળવારે ખુલશે

શેલ્બી લિમિટેડ (''કંપની'')એ ૫ ડિસેમ્બર, ૨૦૧૭ને મંગળવારનાં રોજ પ્રીમિયમ સહિત કેશનાં બદલામાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'')નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. ઓફરમાં રૂ. ૪,૮૦૦ મિલિયન સુધીનાં નવા ઈક્વિટી શેર અને ડો. વિક્રમ શાહ (''વિક્રેતા શેરધારક'')નાં ૧,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે. ઓફરમાં જાહેર જનતા માટે ઈક્વિટી શેરની નેટ ઓફર (''નેટ ઓફર'') અને લાયક કર્મચારીઓ માટે ૧૨૧,૦૦૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન સામેલ છે. ઓફર ૭ ડિસેમ્બર, ૨૦૧૭નાં રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યૂનો ગાળો, જો કોઈ હશે, તો બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખનાં એક ચાલુ દિવસનો રહેશે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૪૫થી રૂ. ૨૪૮ નક્કી કરવામાં આવી છે. બિડ લઘુતમ ૬૦ ઈક્વિટી શેર અને પછી ૬૦ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ ("આરએચપી") મારફતે ૨૪ નવેમ્બર, ૨૦૧૭નાં રોજ ઓફર થયેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.

ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ ("બીઆરએલએમ") એડલવાઈસ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ છે.

ઈશ્યૂ સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન, ૨૦૦૯, સુધારા સાથે (''સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ'') નિયમન ૨૬(૧) અનુરૂપ બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે ઓફર રજૂ કરવામાં આવી છે, જેમાં નેટ ઓફરનો ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (''ક્યુઆઈબી'') (''ક્યુઆઈબી પોર્શન'')ને ઓફર કરવામાં આવશે. કંપની અને વિક્રેતા શેરધારકો બીઆરએલએમ સાથે ચર્ચા કરીને એન્કર ઈન્વેસ્ટર્સ (''એન્કર ઈન્વેસ્ટર પોર્શન'')ને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા સુધીનો હિસ્સો વિવેકાધિન ધોરણે ફાળવી શકે છે.